1. સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ કયો ?
(a) બુધ (b) મંગળ (c) ગુરુ (d) શુક્ર

*2. ક્યારે સૂર્ય અને ચંદ્ર બરાબર સામસામે હોય છે ?
(a) જન્માષ્ટમી (b) અમાસ
(c) પૂનમ (d) રામનવમી

3. કયું સાધન વિમાનના ઉડ્ડયન દરમ્યાન કૉકપીટની વાતચીતની નોંધ રાખે છે ?
(a) બ્લૅક બૉક્સ (b) સ્પીડોમીટર
(c) એરોમીટર (d) બેરોમીટર

4. ભૂકંપનોની નોંધ કયું સાધન લે છે ?
(a) ટેલિગ્રાફ (b) સિસ્મોગ્રાફ
(c) થર્મોગ્રાફ (d) કાર્ડિયોગ્રામ

5. આમાંનું કોણ બ્લડ ગ્રુપ નથી ?
(a) $A^+$ (b) $B^+$ (c) $C^+$ (d) $A^-$

6. અંધજનો વાંચી શકે તેવી લિપિ કોણે તૈયાર કરી ?
(a) એલેકઝાંડર બેલ (b) બ્રેઈલ લુઇઝ
(c) એડિસન (d) આઈઝેક પીટમૅન

7. આલ્બર્ટ આઈન્સ્ટાઇને શાની શોધ કરી ?
(a) શીતળાની રસી (b) એટમ બૉમ્બ
(c) સાપેક્ષતાવાદનો સિદ્ધાંત (d) ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત

*8. આમાંની કઈ દવા મેલેરિયામાં વપરાય છે ?
(a) પેરાસિટામોલ (b) એનાસિન
(c) ક્વિનાઇન (d) પૅનિસિલિન

*9. મેરીનો કયા પ્રાણીની ઓલાદ છે ?
(a) કૂતરો (b) ઘોડો (c) ઘેટું (d) ગાય

10. ભારતમાં શ્વેતક્રાંતિના પ્રણેતા કોણ ?
(a) ડૉ. સ્વામીનાથન (b) ડૉ. મનમોહનસિંગ
(c) ડૉ. કુરિયન (d) ડૉ. હોમી ભાભા

11. ઍનીમિયા (પાંડુરોગ) કયા તત્ત્વના અભાવે થાય છે ?
(a) કેલ્શિયમ (b) ખાંડ (c) આયોડીન (d) લોહ

12. નાટ્યલેખક, નવલકથાકાર, કેન્દ્ર સરકારમાં મંત્રી અને રાજ્યના ગવર્નર – એવી વ્યક્તિ કઈ ?
(a) પદ્મજા નાયડુ (b) નરસિંહરાવ
(c) રાજગોપાલાચારી (d) કનૈયાલાલ મુનશી

13. આ સ્થળ સાથે ગાંધીજી સંકળાયેલા નથી........
(a) કીર્તિમંદિર (b) હૃદયકુંજ
(c) ગુજરાત વિદ્યાપીઠ (d) અક્ષરધામ

14. આમાંથી કોને ગુજરાતના મુખ્યમંત્રી બીજી વખત બનવાનું સૌભાગ્ય સાંપડ્યું નથી ?
(a) બાબુભાઈ જે. પટેલ (b) માધવસિંહ સોલંકી
(c) કેશુભાઈ પટેલ (d) અમરસિંહ ચૌધરી

15. પાટણમાં આવેલી ''રાણકી વાવ'' કોણે બંધાવી ?
(a) ઉદયમતી (b) મીનળદેવી (c) દેવળદેવી (d) ચૌલાદેવી

16. બળવંતરાય મહેતાનું નામ શાની સાથે વિશેષ સંકળાયેલું છે ?
(a) દેશી રાજ્યોનું એકીકરણ (b) ભાષા-વાર પ્રાંતરચના
(c) પંચાયતી રાજ્ય (d) ભારતનું બંધારણ

17. ગ્રામ પંચાયતે કઈ સમિતિ ફરજિયાત રીતે બનાવવાની હોય છે ?
(a) શિક્ષણ સમિતિ (b) આરોગ્ય સમિતિ
(c) કલ્યાણ સમિતિ (d) સામાજિક ન્યાય સમિતિ

18. ''શબ્દસૃષ્ટિ'' કઈ સંસ્થાનું સામયિક છે ?
(a) ગુજરાત વિદ્યાસભા (b) ગુજરાત સાહિત્ય સભા
(c) ગુજરાત સાહિત્ય અકાદમી (d) ગુજરાતી સાહિત્ય પરિષદ

19. ''વેશ'' સાથે કોનું નામ સંકળાયેલું છે ?
(a) અસાઈત (b) ડૉ. બળવંત જાની
(c) જયશંકર સુંદરી (d) ડૉ. નરેશ વેદ

20. ગુજરાતના કયા મુખ્યમંત્રીનું હોદ્દા પર હતા ત્યારે વિમાની અકસ્માતમાં અવસાન થયું ?
(a) ડૉ. જીવરાજ મહેતા (b) ચીમનભાઈ પટેલ
(c) બળવંતરાય મહેતા (d) હિતેન્દ્ર દેસાઈ

21. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના ગ્રંથનું કયા રાજવીએ જાહેર સન્માન કર્યું ?
(a) કુમારપાળ (b) ભીમદેવ
(c) સિદ્ધરાજ જયસિંહ (d) વનરાજ ચાવડો

22. આ નગર ચિનાઈ માટીનાં વાસણો, નળિયાં અને ઘડિયાળો માટે જાણીતું છે........
(a) સુરત (b) થાન (c) મોરબી (d) વાંકાનેર

23. ગુજરાતના મુખ્યમંત્રીએ તાજેતરમાં કઈ યુનિવર્સિટીનું નામ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સાથે સાંકળવાની જાહેરાત કરી ?
(a) ભાવનગર યુનિવર્સિટી (b) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
(c) કૃષિ યુનિવર્સિટી (d) આયુર્વેદ યુનિવર્સિટી

24. ગુજરાતી વિશ્વકોશમાં કોનું સતત અને આગવું પ્રદાન છે ?
(a) મનુભાઈ પંચોળી (b) ધીરુભાઈ ઠાકર
(c) યશવંત શુક્લ (d) ડૉ. કેશુભાઈ દેસાઈ

25. ''ઉચ્ચ શિક્ષણ : ચિંતા અને ચિંતન'' પુસ્તકના લેખક કોણ ?
(a) ડૉ. દાઉદભાઈ ઘાંચી (b) પ્રા. નિરંજન દવે
(c) ડૉ. ચંદ્રકાન્ત મહેતા (d) ડૉ. ગુણવંત શાહ

26. રાસ-ગરબામાં સક્રિય રસ ધરાવતા અને કવિત્વ શક્તિ ધરાવતા એવા કયા મંત્રી ગુજરાત રાજ્યના મંત્રીમંડળમાં છે ?
(a) વજુભાઈ વાળા (b) સુરેશ મહેતા
(c) મહેન્દ્ર ત્રિવેદી (d) ભરત બારોટ

27. આમાં નવું નામ કોને ન મળ્યું ?
(a) કલકત્તા (b) મદ્રાસ (c) અમદાવાદ (d) બૉમ્બે

28. ઈ.સ. 2010માં ગુજરાત રાજ્યની સ્થાપનાનો કયો મહોત્સવ ઉજવી શકાય ?
(a) રજત (b) સુવર્ણ
(c) હીરક (d) આમાંનું કશું જ નહીં.

Downloaded from RIJADEJA.com

60. કેન્દ્રમાં અગાઉ પ્રધાન બન્યા વગર વડાપ્રધાન કોણ બન્યું ?
(a) મોરારજી દેસાઈ (b) ઈન્દિરા ગાંધી
(c) રાજીવ ગાંધી (d) વી. પી. સિંગ

61. આમાંનું કોઈ એક હરોળમાં ન બેસી શકે ?
(a) હિતેન્દ્ર દેસાઈ (b) ડૉ. જીવરાજ મહેતા
(c) બળવંતરાય મહેતા (d) પ્રબોધ રાવળ

62. કોણ જુદું પડે છે ?
(a) ખંડકાવ્ય (b) સોનેટ (c) ગરબો (d) નવલકથા

63. આમાં કયું નામ બંધબેસતું નથી ?
(a) આનંદમયી મા (b) રંગ અવધૂત
(c) મોરારી બાપુ (d) મુક્તાનંદ સ્વામી

64. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડના અધ્યક્ષ પૈકી નવલકથાકાર કોણ ?
(a) જે. બી. શાંડિલ્ય (b) ઈશ્વરભાઈ પટેલ
(c) ડૉ. કેશુભાઈ દેસાઈ (d) કોઈ નહીં.

65. લબ્ધપ્રતિષ્ઠ નવલકથાકાર અને ચળવળખોર કોણ ?
(a) વિક્રમ શેઠ (b) મેધા પાટકર
(c) અરુંધતી રોય (d) પ્રિયા તેંડુલકર

66. બાવન પત્તાના ગંજીફામાંથી કોઈ એક પત્તું ખેંચવામાં આવે છે. તે ખેંચાયેલું પત્તું 'ચોકટ'નું હોવાની સંભાવના કેટલી ?
(a) 25 ટકા (b) 50 ટકા
(c) 13 ટકા (d) આમાંનું કશું નહીં.

67. દિલ્હીથી રાત્રે 23=50 (ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ) વાગે ઊપડેલું વિમાન 8 કલાક પછી લંડન ઊતરે છે. ત્યારે ત્યાં (લંડન) કેટલા વાગ્યા હશે ?
(a) 7=50 (b) 15=50 (c) 2=20 (d) 3=30

68. બે આંકડાની એક સંખ્યામાંથી એકમ અને દશકના આંકડાઓની અદલાબદલી કરીને મળતી સંખ્યાને મૂળ સંખ્યામાંથી બાદ કરવામાં આવતાં 36 મળે છે, તો મૂળ સંખ્યામાં દશકનો આંકડો એકમના આંકડાથી કેટલો હશે ?
(a) ચાર જેટલો મોટો (b) સરખો
(c) ચાર જેટલો નાનો (d) આમાંનું કશું નહીં.

69. આમાં હૃદય સાથે કઈ બાબત સંગત છે ?
(a) ECG (b) BCG (c) TB (d) ડાયાલિસિસ

70. CHOGM એટલે શું ?
(a) કૉમન હોલીડે ઓન ગવર્નમેન્ટ મની
(b) કૉમનવેલ્થ હેડ્ઝ ઓફ ગવર્નમેન્ટ મીટિંગ
(c) ચેરમેન ઓર જનરલ મેનેજર
(d) આમાંનું કશું નહીં.

71. VRS શું છે ?
(a) વિડિયો રેકર્ડિંગ સિસ્ટમ (b) વૉલન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ
(c) વેલ્યુ રજિસ્ટ્રેશન સ્કીમ (d) આમાંનું કશું નહીં.

72. આમાંની કઈ બાબત ટપાલ ખાતા અંગેની છે ?
(a) VPP (b) VIP (c) VHP (d) VVIP

73. આમાં 'હોદ્દાની રૂએ' કયું ?
(a) P.A. (b) ex-officio
(c) In Charge (d) આમાંનું કશું નહીં.

74. ''અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'' પુસ્તક કોના વિશે છે ?
(a) મહાદેવભાઈ દેસાઈ (b) મહાત્મા ગાંધી
(c) પંડિત જવાહરલાલ નહેરુ (d) સરદાર પટેલ

75. (1) એણે અરજી લખી ત્યારે રવિવાર ન હતો.
(2) ટપાલ આજે નીકળશે તેની ખાતરી કરીને તેણે અરજી ટપાલમાં નાખી.
(3) હનુમાનજીના દર્શન કરીને તે અરજીનું ફોર્મ લઈ આવ્યો હતો.
(4) ટપાલમાં નાખ્યા પછી અરજી બીજે જ દિવસે સંસ્થાને મળી. તો અરજી કયા વારે મળી હશે ?
(a) બુધ (b) મંગળ
(c) સોમ (d) કશું કહી શકાય નહીં.

76. મકાનના પંદરમા માળેથી નીચે ફેંકેલો સિક્કો જમીન પર 12 સેકન્ડ પછી પડે છે. બપોરના 3 કલાક 59 મિનિટ અને 52 સેકન્ડે તે જ માળેથી એક જાડું પુસ્તક ફેંકવામાં આવે છે. તે કેટલા વાગે જમીન પર પડશે ?
(a) 4 કલાક 1 મિનિટે
(b) 4 કલાક 0 મિનિટ 4 સેકન્ડે
(c) 3 કલાક 59 મિનિટ 56 સેકન્ડે
(d) પુસ્તકનું વજન જાણ્યા વગર કહી શકાય નહીં.

77. કોઈ એક દિવસે અમેરિકાના ડેટ્રોઈટ શહેરમાં ગરમી દિલ્હી કરતાં $20^{\circ}$ C જેટલી ઓછી છે. જો ત્યારે દિલ્હીમાં તાપમાન $15^{\circ}$ C હોય, તો ડેટ્રોઈટમાં તાપમાન કેટલું હશે ?
(a) $35^{\circ}$ C (b) $5^{\circ}$ C
(c) $-5^{\circ}$ C (d) આમાંનું કશું નહીં.

78. તમે યાત્રાએ જવા ઉત્તર તરફ નીકળ્યા અને પછી જમણે ફંટાયા. ત્યારબાદ આગળ ચાલીને ફરી જમણે ફંટાયા અને પછી થોડું આગળ ચાલીને ઊંધી દિશામાં ચાલવા લાગ્યા. – કઈ દિશા તરફ ?
(a) દક્ષિણ
(b) પશ્ચિમ
(c) ઉત્તર
(d) ચાલેલા અંતરની વિગતો વગર કહી શકાય નહીં.

79. એક ધનિક પાસે જેટલા લાખ રૂપિયા છે તેને બમણાં કરી તેમાં પાંચ લાખ રૂપિયા ઉમેરીએ, તો 8મી જુલાઈ પછી જુલાઈના બાકી રહેતા દિવસો જેટલા લાખ રૂપિયા થાય, તો તેની પાસે કેટલા લાખ રૂપિયા હશે ?
(a) 9.5 (b) 9 (c) 14 (d) 10

80. મારો નાનો ભાઈ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે ?
(a) 5 (b) 6 (c) 7 (d) 8

81. ઇન્ટરનેટ દ્વારા ટપાલ મોકલાય તેને શું કહેવાય ?
(a) સ્પીડ પોસ્ટ (b) કુરિયર મેઈલ
(c) ઈ-મેઈલ (d) ફેક્સ

82. આમાં લીલાં વૃક્ષો કપાતાં અટકાવવાની ચળવળ કઈ ?
(a) ચીપકો આંદોલન (b) નર્મદા બચાવો આંદોલન
(c) તેહરી બંધ આંદોલન (d) આમાંનું એકેય નહીં.

Downloaded from RIJADEJA.com

83. ભારતમાં કેસર (કેરી નહીં)ની ખેતી કયાં થાય છે ?
(a) ઉત્તર પ્રદેશ (b) કર્ણાટક
(c) ગુજરાત (d) જમ્મુ-કાશ્મીર

84. શરીરના સમતોલનની વિશેષ જવાબદારી કોની છે ?
(a) કરોડરજ્જુ (b) નાનું મગજ (c) હૃદય (d) કાન

85. વજન માપવાનો કમાન કાંટો વિજ્ઞાનના કયા નિયમ પર કામ કરે છે ?
(a) ઓહ્મનો નિયમ (b) હૂકનો નિયમ
(c) ન્યૂટનનો નિયમ (d) આર્કિમિડિઝનો નિયમ

86. શુદ્ધ સોનું કેટલા કેરેટનું હોય છે ?
(a) સોળ (b) બાવીસ (c) ચોવીસ (d) બાર

87. ભારતના વૈજ્ઞાનિક ક્ષેત્રે 'અપ્સરા'નો સંબંધ કોની સાથે છે ?
(a) કૃત્રિમ ઉપગ્રહ (b) મિસાઈલ
(c) અણુ રીએક્ટર (d) રોકેટ

88. કઈ દવાના અતિ સેવનથી જઠરમાંથી રક્તસ્રાવ થાય અને હૃદય બંધ થાય તેટલી હદે નુકસાન થવા સંભવ છે ?
(a) પેનિસિલિન (b) ક્લોરોમાઈસેટિન
(c) સ્ટેરોઈડ (d) ક્વિનાઈન

89. A. B. C અને D એમ ચાર વ્યક્તિઓ એકબીજાની પાછળ, પણ એ ક્રમમાં નહીં, ઊભી છે.
D વ્યક્તિ C અને A થી આગળ છે. B વ્યક્તિ C ની તુરત જ પાછળ છે. A વ્યક્તિ B ની આગળ છે. તો તે કયા ક્રમમાં ઊભા હશે ?
(a) ABCD (b) ABDC (c) DACB (d) DCAB

90. અવાજની તીવ્રતા માપવા માટે કયો આંક વપરાય છે ?
(a) રીશ્ટર (b) ડેસિબલ (c) સેન્ટીગ્રેડ (d) હર્ટ્ઝ

91. ન્યૂકલીઅર પાવર એકમમાં કયું બળતણ વપરાય ?
(a) કેલ્શિયમ (b) કોલસો (c) સી.એન.જી. (d) યુરેનિયમ

92. કુટુંબ નિયોજન માટે કઈ બાબત સંબંધ ધરાવે છે ?
(a) કેમોથેરપી (b) બાયોસ્કોપ
(c) લેપ્રોસ્કોપી (d) સ્ટેથોસ્કોપ

93. ડાયાલિસિસની સારવાર કયા દર્દમાં અપાય ?
(a) હૃદયના (b) કીડનીના
(c) ડાયાબિટીસના (d) કમળાના

94. પાણી કયાં બે તત્ત્વોનું બનેલું છે ?
(a) હાઈડ્રોજન, ઓક્સિજન (b) હાઈડ્રોજન, નાઈટ્રોજન
(c) હાઈડ્રોજન, કાર્બન (d) ઓક્સિજન, કાર્બન

95. લોહીમાં શર્કરાનું નિયમન કોણ કરે છે ?
(a) થાઈરોઈડ (b) શ્વેતકણ
(c) ઈન્સ્યુલિન (d) હીમોગ્લોબિન

96. પ્લેગનો રોગ શાનાથી ફેલાય છે ?
(a) ચાંચડ (b) માખી (c) મચ્છર (d) તીડ

97. લંબાઈના માપનાં એકમોમાં નીચેનું કોણ અસંગત છે ?
(a) મીટર (b) લિટર (c) ફૂટ (d) માઈલ

98. ન્યૂમોનિયાનો રોગ કોની સાથે સંબંધ ધરાવે છે ?
(a) ચામડી (b) ફેફસાં (c) હૃદય (d) કીડની

99. ઘરેલું વીજવપરાશનું એકમ કયું ?
(a) વૉટ (b) વૉલ્ટ (c) કિલોવૉટ-અવર (d) કેલરી

100. વેબસાઈટનો સંબંધ કયા ક્ષેત્ર સાથે છે ?
(a) ટેલિવિઝન (b) રેડિયો (c) ઈન્ટરનેટ (d) પ્રિન્ટિંગ

101. ગુજરાતની યુનિવર્સિટીના કયા કુલપતિએ ''ટેલ ઓફ ટુ યુનિવર્સિટીઝ'' પુસ્તક લખ્યું છે ?
(a) પ્રા. નિરંજન દવે (b) શ્રી વી. આર. મહેતા
(c) ડૉ. પી. સી. વૈદ્ય (d) ડૉ. એમ. એન. દેસાઈ

102. ભારતના કયા વડાપ્રધાન લેખક/કવિ નથી ?
(a) પંડિત જવાહરલાલ નહેરુ (b) અટલબિહારી વાજપેયી
(c) દેવેગૌડા (d) વી. પી. સિંગ

103. આમાં કયું નામ જૂથમાં બેસતું નથી ?
(a) ગોદરેજ (b) બિરલા (c) બજાજ (d) નિરમા

104. આમાં ઈન્ફર્મેશન ટક્નોલોજી સાથે કોણ સંકળાયેલું નથી ?
(a) ઈન્ફોસિસ (b) ઈફકો (c) વિપ્રો (d) નાસકોમ

105. દેશના કયા રાજ્યમાં ''કલ્પસર'' યોજનાની વિચારણા ચાલે છે ?
(a) મધ્યપ્રદેશ (b) પશ્ચિમ બંગાળ (c) ગુજરાત (d) પંજાબ

106. ભારતના એક વિમાનનું અપહરણ કરીને કંદહાર લઈ જવામાં આવ્યું હતું. તે વિમાને ઉડ્ડયન કયાંથી શરૂ કર્યું હતું ?
(a) દિલ્હી (b) કાઠમંડુ (c) અમૃતસર (d) દુબઈ

107. ભારત-પાકિસ્તાન વચ્ચેનો છેલ્લામાં છેલ્લો સીમા-સંઘર્ષ કઈ સરહદે થયો ?
(a) પશ્ચિમ બંગાળ (b) રાજસ્થાન (c) કચ્છ (d) કારગીલ

108. આમાં આધુનિક કોણ ?
(a) આનંદશંકર ધ્રુવ (b) બ. ક. ઠા.
(c) સીતાંશુ યશશ્ચંદ્ર (d) નરસિંહરાવ દિવેટિયા

109. આમાં ગરીબ કોને કહેવાય ?
(a) દિન (b) દીન (c) વંચિત (d) પછાત

110. અમરકંટકમાંથી કઈ નદી નીકળે છે ?
(a) તાપી (b) સાબરમતી (c) નર્મદા (d) મહી

111. ''તૃણમુલ કોંગ્રેસ'' કયા રાજ્યનો સ્થાનિક પક્ષ છે ?
(a) બિહાર (b) ઉત્તરપ્રદેશ (c) કર્ણાટક (d) પશ્ચિમ બંગાળ

112. વડાપ્રધાન તરીકે આઈ. કે. ગુજરાલ કોના અનુગામી બન્યા ?
(a) અટલબિહારી વાજપેયી (b) દેવેગૌડા
(c) નરસિંહરાવ (d) ચંદ્રશેખર

113. કયો વેરો ''મૃત્યુવેરા'' તરીકે ઓળખાય છે ?
(a) આવકવેરો (b) કસ્ટમ ડ્યૂટી
(c) એક્સાઈઝ ડ્યૂટી (d) એસ્ટેટ ડ્યૂટી

114. તાપી નદી પર કઈ પરિયોજના છે ?
(a) મયૂરાક્ષી (b) ઉકાઈ
(c) નાગાર્જુન સાગર (d) કાકરાપાર

115. બાલ્કો પ્લાન્ટ કઈ ધાતુ અંગેનો છે ?
(a) પોલાદ (b) એલ્યુમિનિયમ (c) જસત (d) તાંબુ

116. આમાંના કોણ હંમેશા વિવાદાસ્પદ રહ્યા છે ?
(a) સતીશ ગુજરાલ (b) એમ. એફ. હુસેન
(c) મૃણાલ સેન (d) રવિશંકર રાવળ

Downloaded from RIJADEJA.com

117. આમાં તબલાનાં ખેરખાં કોણ ?
(a) પંડિત રવિશંકર (b) પંડિત જસરાજ
(c) અલ્લારખા ખાન (d) બિસમિલ્લા ખાન

118. ''ભૂદાન યોજના'' સાથે કયા મહાનુભાવનું નામ સાંકળીશું ?
(a) મહાત્મા ગાંધી (b) જમનાલાલ બજાજ
(c) બાબા આમ્ટે (d) વિનોબા ભાવે

119. આમાં વિવાદાસ્પદ લેખક કોણ નથી ?
(a) ખુશવંતસિંઘ (b) આર. કે. નારાયણ
(c) નિરાદ ચૌધરી (d) સલમાન રશ્દી

120. આમાં સાહિત્યકાર/વિવેચક ન હોય તેવા કુલપતિ કોણ ?
(a) ડૉ. ઉમાશંકર જોષી (b) ડૉ. અનિલ કાણે
(c) ડૉ. બળવંત જાની (d) ડૉ. નરેશ વેદ

121. ''દર્શક'' નામની પ્રતિષ્ઠા કોના નામે જમા થાય છે ?
(a) ઝીણાભાઈ દેસાઈ (b) રામનારાયણ પાઠક
(c) મનુભાઈ પંચોળી (d) ગૌરીશંકર જોષી

122. આમાં ''ભાતું'' કોને કહેવાય ?
(a) સિરામણ (b) વાળુ (c) પાથેય (d) નાસ્તો

123. એ બહાર છે, તેના કરતાં વિશેષ અંદર છે.......
(a) સુરત (b) ઝાડ
(c) મકાન (d) આઈસબર્ગ (હિમશિલા)

124. ''કસ્ટમ ડ્યૂટી'' એટલે
(a) કારખાનામાંથી બહાર નીકળતા માલ પર લેવાતો વેરો
(b) બહારગામથી આવતા માલ પર લેવાતી જકાત
(c) માલના વેચાણ વખતે લેવાતો કર
(d) પરદેશથી આયાત કરેલા માલ પરની ડ્યૂટી

125. સૌથી મોટી સંખ્યા કઈ ?
(a) 0.1 (b) 0.01 (c) 1.0 (d) 1.21

126. ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે કઈ બાબત સાચી નથી ?
(a) ભારતના નાગરિક હોવા જોઈએ.
(b) સરકારી કર્મચારી હોવા જોઈએ.
(c) 35 વર્ષથી વધુ ઉંમર હોય.
(d) સંસદસભ્ય ન હોય.

127. ભારતના પહેલા મહિલા રાષ્ટ્રપતિ કોણ ?
(a) ઇન્દિરા ગાંધી (b) નઝમા હેપતુલ્લા
(c) સુચેતા કૃપલાની (d) આમાંનું કોઈ નહીં.

128. આમાં કેન્દ્રશાસિત પ્રદેશ કયો છે ?
(a) પોંડિચેરી (b) દમણ-દીવ (c) છત્તીસગઢ (d) ઉત્તરાંચલ

129. તાજેતરમાં મે, 2001માં, કયા રાજ્યમાં ત્યાંની વિધાનસભાની ચૂંટણી થઈ ?
(a) ગુજરાત (b) મહારાષ્ટ્ર (c) પશ્ચિમ બંગાળ (d) ઓરિસ્સા

130. કોઈ એક રાજ્યના મુખ્યમંત્રી તરીકે સૌથી લાંબા સમય સુધી સતત કોણ રહ્યાં ?
(a) જયલલિતા (b) ડૉ. બી. સી. રોય
(c) જ્યોતિ બસુ (d) કરુણાકરન

131. ગુજરાતમાં માતૃશ્રાદ્ધ માટે કયું સ્થળ જાણીતું છે ?
(a) પ્રભાસપાટણ (b) સિદ્ધપુર (c) ચાણોદ (d) દ્વારકા

132. ગુજરાતનો આ નવો જિલ્લો છે :
(a) ગાંધીનગર (b) ડાંગ (c) પાટણ (d) ભાવનગર

133. નળસરોવર અહીં આવેલું છે :
(a) ચરોતર (b) ભાલપ્રદેશ (c) કચ્છ (d) આહવા

134. ''ભારેલો અગ્નિ''ના લેખક કોણ ?
(a) રમણલાલ દેસાઈ (b) ઝવેરચંદ મેઘાણી
(c) રઘુવીર ચૌધરી (d) પ્રિયકાન્ત પરીખ

135. 'આંગળિયાત'ના લેખક કોણ ?
(a) અશ્વિની ભટ્ટ (b) પન્નાલાલ પટેલ
(c) જોસેફ મેકવાન (d) ઈશ્વર પેટલીકર

136. આમાં વર્ગભેદ કોણ કરે છે ?
(a) ગ્રામ (b) કિલોગ્રામ (c) મિલિગ્રામ (d) ટેલિગ્રામ

137. આમાં કોણ બહુમતી જૂથની બહારનું છે ?
(a) કોડિયું (b) બલ્બ (c) ફાનસ (d) મીણબત્તી

138. કોણ જુદું તરી આવે છે ?
(a) ઢોલક (b) હારમોનિયમ (c) તબલાં (d) નગારું

139. આમાં 'અનુગામી'નો વિરુદ્ધ કોણ છે ?
(a) પુરોગામી (b) હંગામી
(c) અધોગામી (d) ઊર્ધ્વગામી

140. આમાં ''જણસ''નું સમાનાર્થી કોણ ?
(a) માણસ (b) મેત (c) ચીજ (d) જડ

141. ''સ્પષ્ટ''ની વિરુદ્ધમાં કોણ બેઠું છે ?
(a) વિસ્તૃત (b) સંક્ષિપ્ત (c) સંદિગ્ધ (d) જૂઠું

142. શિવ આ નામે ઓળખાતા નથી :
(a) મહાદેવ (b) શંકર (c) ધૂર્જટિ (d) નારાયણ

143. તે સૂર્યનો પુત્ર છે, એમ પુરાણો કહે છે.
(a) બુધ (b) મંગળ (c) ગુરુ (d) શનિ

144. આમાં નૃત્ય સાથે કોણ સંકળાયેલું ન ગણાય ?
(a) જયશંકર સુંદરી (b) મૃણાલિની સારાભાઈ
(c) મલ્લિકા સારાભાઈ (d) સ્મિતા શાસ્ત્રી

145. આમાં હાસ્યકાર કોણ નથી ?
(a) વિનોદ ભટ્ટ (b) બકુલ ત્રિપાઠી
(c) અશોક દવે (d) રમણલાલ જોષી

146. જો મોટા ફેરફારો તાજેતરમાં ન થયા હોય તો એક અમેરિકન ડૉલર બરાબર આશરે કેટલા રૂપિયા થાય ?
(a) 45 (b) 500 (c) 10 (d) 0.50

147. ''આર્ટ ઑફ લિવિંગ''ના પ્રણેતા કોણ ?
(a) અમૃતાનંદમયી દેવી (b) અનંતાનંદતીર્થ
(c) રજનીશ (d) શ્રી શ્રી રવિશંકર

*148. ''જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'' પંક્તિ ગવાતા કયા કવિને યાદ કરશો ?
(a) નાનાલાલ (b) દલપતરામ (c) ખબરદાર (d) બોટાદકર

149. ''છેલ્લો કટોરો આ ઝેરનો બાપુ.......'' કોણે ગાયું ?
(a) ઝવેરચંદ મેઘાણી (b) દુલાભાયા કાગ
(c) ઉમાશંકર જોષી (d) કાંત


150. જી.પી.એસ.સી. એટલે પ્રચલિત સમજમાં.......
(a) ગુજરાત પ્રાયમરી એન્ડ સેકન્ડરી સર્ટિફિકેટ
(b) ગુજરાત પોલ્યુશન સ્ટેટ કંટ્રોલ
(c) ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન
(d) જનરલ પોલીસ સિલેક્શન કમિટી

## સમજૂતી સાથે ઉત્તરો

1. (c) સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ ગુરુ છે.
2. (c) સૂર્ય અને ચંદ્ર બરાબર સામસામે પૂનમના દિવસે હોય છે.
3. (a) બ્લેક બોક્સ. જ્યારે પ્લેન ક્રેશ થાય ત્યારે બ્લેક બોક્સમાંથી કૉકપીટની રેકોર્ડ વાતો મળે છે.
4. (b) સિસ્મોગ્રાફ ભૂકંપના કંપનોની નોંધ માટે વપરાય છે.
5. (c) $C^+$. અન્ય ત્રણેય બ્લડ ગ્રુપ છે.
6. (b) બ્રેઈલ લુઈઝ. તેમના નામ પરથી અંધજનોને વાંચવાની લિપિ બ્રેઈલ લિપિ કહેવાય છે.
7. (c) આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત આપ્યો. અંગ્રેજ તબીબ એડવર્ડ જેનરે શીતળાની રસી શોધી હતી. એટમ બૉમ્બની શોધ 1945માં અમેરિકામાં ઓપન હાઈમર, બોહર, ફર્મી દ્વારા કરાઈ હતી. ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત મેંડેલ દ્વારા અપાયો હતો.
8. (c) ક્વિનાઈન
9. (c) ઘેટું. મેરીનો ઘેટું સામાન્ય રીતે ઓસ્ટ્રેલિયામાં વધુ જોવા મળે છે.
10. (c) ડૉ. કુરિયન. NDDB ના ભૂતપૂર્વ અધ્યક્ષ અને અમુલના સ્થાપકોમાંના એક શ્રી કુરિયન ભારતમાં શ્વેતક્રાંતિના પ્રણેતા છે. ડૉ. સ્વામીનાથન ભારતમાં 'ગ્રીન રીવોલ્યુશન'ના પ્રણેતા છે. ડૉ. મનમોહનસિંગ જાણીતા અર્થશાસ્ત્રી અને ભૂતપૂર્વ નાણાં પ્રધાન છે, જ્યારે ડૉ. હોમી ભાભા જાણીતા અણુવિજ્ઞાની છે.
11. (d) લોહ. આયર્નની ખામીને કારણે એનીમિયા (પાંડુરોગ) નામનો રોગ થાય છે.
12. (d) કનૈયાલાલ મુનશી. તેઓ નાટ્યલેખક, નવલકથાકાર, કેન્દ્રીય મંત્રી, રાજ્યના ગવર્નર ઉપરાંત બંધારણીય સભાની ડ્રાફ્ટિંગ કમિટીના સભ્ય પણ હતા.
13. (d) અક્ષરધામ. આ સ્થળ સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલ છે. કીર્તિમંદિર પોરબંદરનું ગાંધીજીનું જન્મસ્થળ છે. હૃદયકુંજ અમદાવાદના સાબરમતી આશ્રમનું તેમનું નિવાસ સ્થાન છે. જ્યારે ગાંધીજીએ 1920માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.
14. (d) અમરસિંહ ચૌધરી. શ્રી બાબુભાઈ જે. પટેલ 1975 અને 1977માં એમ બે વાર, શ્રી માધવસિંહ સોલંકી 1980 અને 1985માં એમ બે વાર તથા શ્રી કેશુભાઈ પટેલ 1995 અને 1998માં એમ બે વાર મુખ્યપ્રધાન બન્યા છે. જ્યારે અમરસિંહ ચૌધરી ફક્ત એક વાર 1985થી 1989 સુધી મુખ્યપ્રધાન હતા.
15. (a) ઉદયમતી. સોલંકી રાજા ભીમદેવ પ્રથમની પત્ની ઉદયમતીએ પાટણમાં 'રાણકી વાવ' બંધાવી હતી.
16. (c) શ્રી બળવંતરાય મહેતાની અધ્યક્ષતામાં 1957માં પંચાયતી રાજ માટેની કમિટી નીમવામાં આવી હતી અને તેની ભલામણને આધારે 1959થી ભારતમાં ત્રણસ્તરીય પંચાયતી રાજ લાગુ કરવામાં આવ્યું છે.
17. (D) સામાજિક ન્યાય સમિતિ
18. (c) શબ્દસૃષ્ટિ. આ સામયિક ગુજરાત સરકારની ગુજરાત સાહિત્ય અકાદમીનું છે.
19. (a) અસાઈત. 14મી સદીમાં બ્રાહ્મણ અસાઈતે અનેક વેશની રચના કરી હતી.
20. (c) શ્રી બળવંતરાય મહેતા. તેઓનું અવસાન 1965માં કચ્છની પાકિસ્તાન સરહદે એક વિમાન અકસ્માત દરમિયાન થયું હતું.
21. (c) સિદ્ધરાજ જયસિંહ
22. (c) મોરબી.
23. (b) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી. આ યુનિવર્સિટીનું નામ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય નામ રાખવાની જાહેરાત ગુજરાતના મુખ્યપ્રધાને કરી છે.
24. (b) ગુજરાતી વિશ્વકોષમાં શ્રી ધીરુભાઈ ઠાકરનું સતત અને આગવું પ્રદાન છે.
25. (d) ડૉ. ગુણવંત શાહ
26. (c) મહેન્દ્ર ત્રિવેદી. તેઓ ગુજરાતના રાજ્યકક્ષાના યુવા સાંસ્કૃતિક મંત્રી છે.
27. (c) અમદાવાદ. કલકત્તાનું નવું નામ કોલકટા, મદ્રાસનું નવું નામ ચેન્નાઈ અને બૉમ્બેનું નવું નામ મુંબઈ કરી દેવામાં આવેલ છે. અમદાવાદનું નવું નામ 'કર્ણાવતી' કરવાની ઘણા સમયથી માગણી છે, પરંતુ તે સ્વીકારવામાં આવેલ નથી.
28. (b) ગુજરાત રાજ્યની સ્થાપના 1 મે, 1960ના રોજ થઈ હતી તેથી 2010માં ગુજરાત રાજ્યની સ્થાપનાને 50 વર્ષ પૂરા થશે.
29. (d) શ્રી જવાહરલાલ નહેરુનું 1964માં અવસાન થતા શ્રી ગુલઝારીલાલ નંદાને તેમના સ્થાને કાર્યકારી વડાપ્રધાન બનાવાયા હતા.
30. (c) અભયઘાટ અમદાવાદમાં સાબરમતી નદીના કાંઠે શ્રી મોરારજી દેસાઈની સમાધિ આવેલ છે.
31. (d) ગોર્બાચોવ. અન્ય ત્રણેય પંડિત જવાહરલાલ નહેરુના સમકાલીન હતા. નાસર અને માર્શલ ટીટોની મદદથી શ્રી નહેરુએ 'નામ' સંગઠનની સ્થાપના કરી હતી.
32. (c) તસલીમા નસરીન. તેઓ બાંગ્લાદેશના લેખિકા છે.
33. (b) અજય જાડેજા. તેઓને ક્રિકેટ મેચ ફિક્સિંગ માટે BCCI દ્વારા પાંચ વર્ષ માટે પ્રતિબંધિત કરાયા છે.
34. (b) શંકરસિંહ વાઘેલા. 1996માં તેઓએ સુરેશ મહેતાની સરકાર ઉથલાવી હતી.
35. (c) ચીમનભાઈ પટેલ. માધવ રામાનુજ દ્વારા રચિત આ પુસ્તકમાં શ્રી ચીમનભાઈ પટેલ કેન્દ્રસ્થાને છે.
36. (b) રવિશંકર રાવળ
37. (a) 'ચાઈના મેન' ક્રિકેટ રમત સાથે સંકળાયેલ શબ્દ છે.
38. (d) મહી. રાસ્કા વિયર યોજના દ્વારા અમદાવાદ શહેરને મહી નદીનું પાણી પૂરું પાડવાની યોજના અમલમાં મુકાઈ છે.

Downloaded from RIJADEJA.com

39. (b) બિલ ગેટ્સ. તેમના સિવાય અન્ય ત્રણેય અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ છે.
40. (a) 26 જાન્યુઆરી, 2001ના દિવસે ગુજરાતમાં અતિ ભયાનક ભૂકંપ આવ્યો હતો, જેમાં હજારો લોકો મૃત્યુ પામ્યા હતા.
41. (a) ''એનરોન પ્રોજેક્ટ''. આ પ્રોજેક્ટ મહારાષ્ટ્રમાં ડાભોલ ખાતે એનરોન કંપની દ્વારા વીજ ઉત્પાદન બાબત સ્થાપવાની વાત છે. જે હાલમાં ખૂબ જ ચર્ચામાં છે.
42. (a) બિલ ગેટ્સ. તેઓ માઈક્રોસોફ્ટ કંપનીના સ્થાપક અને વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિઓમાંના એક છે.
43. (d) દેવાંગ મહેતા. તેઓ 'નાસ્કોમ'ના અધ્યક્ષ હતા અને તાજેતરમાં તેઓનું ઓસ્ટ્રેલિયા ખાતે ખૂબ જ નાની ઉંમરે નિધન થયું છે.
44. (d) આદિ શંકરાચાર્ય. તેઓ અદ્વૈતવાદના સ્થાપક છે, જ્યારે અન્ય ત્રણેય કૃષ્ણપૂજાના ભક્તિસંતો છે.
45. (d) વિશ્વામિત્ર
46. (d) આકાશમાં શનિ
47. (a) પોખરણ. રાજસ્થાનના આ સ્થળે 1974 અને 1998 એમ બે વાર અણુબોમ્બના પ્રયોગો કરવામાં આવ્યા હતા.
48. (b) 1999માં તમિલનાડુના હાલના મુખ્યપ્રધાન જયલલિતાના કારણે શ્રી વાજપેયીને વડાપ્રધાન પદ ગુમાવવું પડ્યું હતું.
49. (c) એન. વિઠ્ઠલ
50. (c) ઈ. સ. 2000માં મિસ લારા દત્તા મિસ યુનિવર્સ બની છે. જ્યારે સુસ્મિતા સેન 1994માં ભારતની પ્રથમ મિસ યુનિવર્સ બની હતી અને ઐશ્વર્યા રાય 1994માં અને યુક્તા મુખી 1999માં મિસ વર્લ્ડ બની હતી.
51. (c)
52. (c) શ્રી દેવેગૌડા 1996માં કર્ણાટકના મુખ્યપ્રધાનપદેથી સીધા વડાપ્રધાન બન્યા હતા.
53. (a) સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચાર
54. (a) છત્તીસગઢની રચના નવેમ્બર 2000માં થઈ છે.
55. (c) શ્રી વિનોદ ભટ્ટ ગુજરાતના જાણીતા હાસ્યકાર છે.
56. (d) 'લીલુડી ધરતી'ના લેખક શ્રી ચુનીલાલ મડિયા છે.
57. (d) કથિર. અન્ય ત્રણેય સોનાના સમાનાર્થી છે.
58. (a) સોનિયા ગાંધી
59. (d) વેવાઈ. જ્યારે અન્ય ત્રણેય વચ્ચે લોહીનો સંબંધ છે.
60. (c) 1984માં ઇન્દિરા ગાંધીના મૃત્યુ બાદ શ્રી રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા હતા. તે પહેલાં તેઓ ક્યારેય કોઈ ખાતામાં મંત્રી બન્યા ન હતા.
61. (d) પ્રબોધ રાવળ. અન્ય ત્રણેય ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન છે, જ્યારે પ્રબોધ રાવળ મુખ્યપ્રધાન પદ પર રહ્યા નથી.
62. (d) નવલકથા. અન્ય ત્રણેય પદ્યસ્વરૂપ છે, જ્યારે નવલકથા ગદ્યસ્વરૂપ છે.
63. (c) મોરારી બાપુ. તેઓ કથાકાર છે.
64. (d) ડૉ. કેશુભાઈ દેસાઈ
65. (c) અરુંધતી રોય. તેઓ નર્મદા બચાવો આંદોલન સાથે સંકળાયેલા છે અને જાણીતા લેખક છે.
66. (a) 25 ટકા. કુલ 52 પાનામાંથી 13 પાના ચોકટના હોય છે તેથી ચોકટનું પાનું આવે તેવા ચાન્સ 25 %.
67. (c) ભારત, લંડનના સમયથી 5.30 કલાક આગળ છે. તેથી ભારતમાં જ્યારે 23.50 વાગ્યા હોય ત્યારે લંડનમાં 17.20 થયા હોય અને તેમાં 8 કલાક ઉમેરીએ, તો 2.20 વાગે રાત્રે વિમાન લંડન ઊતરે.
68. (a) ચાર જેટલો મોટો. તે રકમ 62 છે. તેથી 6 અને 2નો તફાવત જવાબ તરીકે આવે.
69. (a) ECG
70. (b) CHOGM એટલે કોમનવેલ્થ હેડ્ઝ ઑફ ગવર્નમેન્ટ મીટિંગ
71. (b) VRS એટલે વૉલન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ
72. (a) VPP
73. (b) હોદ્દાની રૂએ એટલે ex-officio
74. (a) મહાદેવભાઈ દેસાઈ. નારાયણભાઈ દેસાઈ દ્વારા રચિત મહાદેવભાઈનું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'ને 1993માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હતો.
75. (b) મંગળવાર. શનિવારે તેણે ફોર્મ ખરીદેલ. રવિવારે અરજી કરી. સોમવારે અરજી કરી ફોર્મ નાખ્યું તેથી મંગળવારે મળ્યું.
76. (b) અથવા (d) જો હવાનો અવરોધ અવગણવામાં આવે તો જવાબ (b) અને અવગણવામાં ન આવે તો જવાબ (d) આવે.
77. (c) – 5° C. 15° C માંથી 20° C બાદ કરતાં – 5° C જવાબ આવે.
78. (c) ઉત્તર.




79. (b) 9 લાખ. 8 જુલાઈ પછી જુલાઈના બાકી રહેતા દિવસોની સંખ્યા 23 છે. તેથી 9ના ડબલ 18 અને તેમાં 5 ઉમેરતા 23 આવે.
80. (b) 6. જો મારો ભાઈ 1 વર્ષનો હોય ત્યારે મારી ઉંમર 7 વર્ષ છે. હવે જ્યારે તે 6 વર્ષનો થાય ત્યારે મારી ઉંમર 12 વર્ષ થશે.
81. (c) ઈ-મેઈલ.
82. (a) સુંદરલાલ બહુગુણા દ્વારા હિમાલયની તરાઈના ક્ષેત્રમાં ચીપકો આંદોલન શરૂ કરાયેલ.
83. (d) કેસરની ખેતી ભારતમાં ફક્ત જમ્મુ-કાશ્મીરમાં થાય છે.
84. (b) નાનું મગજ
85. (b) હુકનો નિયમ
86. (c) શુદ્ધ સોનું ચોવીસ કેરેટ હોય છે.
87. (c) 'અપ્સરા' અણુરીએક્ટર છે. જે ભારતની સૌપ્રથમ અણુભઠ્ઠી છે.
88. (d) ક્વિનાઈન
89. (c) DACB

Downloaded from RIJADEJA.com

90. (b) ડેસિબલ. રીચ્ટર ભૂકંપની, સેન્ટિગ્રેડ તાપમાનની અને હર્ટ્ઝ આવૃત્તિ માપવાના એકમ છે.

91. (d) યુરેનિયમ.

92. (c) લેપ્રોસ્કોપી

93. (b) કીડનીની સારવારમાં ડાયાલિસિસ કરવામાં આવે છે.

94. (a) હાઈડ્રોજન અને ઓક્સિજન ($H_2O$)

95. (c) ઈન્સ્યુલિન. તેથી જ ડાયાબિટીસમાં લોહીમાં શર્કરા વધી જાય ત્યારે તેને કન્ટ્રોલ કરવા ઈન્સ્યુલિનના ઈન્જેક્શન વપરાય છે.

96. (a) ચાંચડથી પ્લેગનો રોગ ફેલાય છે.

97. (b) લિટર. અન્ય ત્રણેય લંબાઈના એકમ છે.

98. (b) ન્યુમોનિયા ફેફસાંને લગતો રોગ છે.

99. (c) કિલોવૉટ-અવર. જે ઘરેલું વપરાશમાં યુનિટ તરીકે ઓળખાય છે.

100. (c) ઈન્ટરનેટ પર વેબસાઈટ હોય છે.

101. (c) ડૉ. પી. સી. વૈદ્ય

102. (c) દેવેગૌડા. અન્ય ત્રણેયમાં પંડિત જવાહરલાલ નહેરુ અને વી. પી. સિંગ સારા લેખક અને વાજપેયીજી સારા કવિ છે.

103. (d) નિરમા. અન્ય ત્રણેય બિનગુજરાતી બિઝનેસ ગ્રુપ છે. આ ઉપરાંત નિરમા સિવાય ત્રણેય બિઝનેસ ગ્રુપ અટકના (સરનેમ) નામે બનેલ છે.

104. (b) ઈફકો. તે ખાતર બનાવવાનું એકમ છે.

105. (c) ગુજરાત. ખંભાતના અખાતમાં આ યોજના બનાવવાનું વિચારવામાં આવે છે.

106. (b) કાઠમંડુ.

107. (d) 1999માં કારગીલમાં.

108. (c) સીતાંશુ યશશ્ચંદ્ર આધુનિક સાહિત્યકાર છે, જ્યારે અન્ય ત્રણેય 20મી સદીની શરૂઆતના સાહિત્યકાર છે.

109. (b) દીન

110. (c) નર્મદા. મધ્યપ્રદેશમાં અમરકંટકની પહાડીઓમાંથી નર્મદા નદી નીકળે છે.

111. (d) પશ્ચિમ બંગાળ. સુશ્રી મમતા બેનર્જી તૃણમુલ કૉંગ્રેસના મુખ્ય નેતા છે.

112. (b) દેવેગૌડા પછી આઈ. કે. ગુજરાલ વડાપ્રધાન બન્યા હતા.

113. (d) એસ્ટેટ ડ્યૂટી

114. (b) અને (d) તાપી નદી પર ઉકાઈ અને કાકરાપાર બન્ને યોજનાઓ આવેલ છે.

115. (b) છત્તીસગઢમાં આવેલ બાલ્કો પ્લાન્ટ એલ્યુમિનિયમનો છે.

116. (b) ચિત્રકાર એમ. એફ. હુસેન હંમેશા વિવાદાસ્પદ રહ્યા છે.

117. (c) અલ્લારખા ખાન જાણીતા તબલાવાદક છે.

118. (d) વિનોબા ભાવેએ ભૂદાન ચળવળ ચલાવી હતી.

119. (b) આર. કે. નારાયણ સિવાય અન્ય ત્રણેય લેખક વિવાદાસ્પદ છે.

120. (b) ડૉ. અનિલ કાણે ટેક્નોક્રેટ છે. તેઓ હાલમાં વડોદરા યુનિવર્સિટીના ઉપકુલપતિ છે.

121. (c) મનુભાઈ પંચોળીનું ઉપનામ 'દર્શક' છે.

122. (c) 'પાથેય'નો અર્થ ભાતું થાય છે.

123. (d) હિમશીલા 90 % કરતાં વધુ પાણીમાં હોય છે.

124. (d) કસ્ટમ ડ્યૂટી એટલે પરદેશથી આયાત કરેલ માલ પરની ડ્યૂટી.

125. (d) 1.21

126. (b) અન્ય ત્રણેય શરતો સાચી છે, જ્યારે સરકારી કર્મચારી હોવા જોઈએ તે બાબત ખોટી છે.

127. (d) ભારતમાં હજી સુધી એક પણ મહિલા રાષ્ટ્રપતિ થઈ શકી નથી, જ્યારે વડાપ્રધાન તરીકે પણ ફક્ત એક મહિલા ઈન્દિરા ગાંધી થયેલ છે.

128. (a) અને (b) પોંડિચેરી તથા દમણ-દીવ બન્ને કેન્દ્રશાસિત પ્રદેશો છે.

129. (c) પશ્ચિમ બંગાળ. તેના સિવાય તમિલનાડુ, પોંડિચેરી, આસામ અને કેરલમાં પણ ચૂંટણીઓ યોજાઈ હતી.

130. (c) શ્રી જ્યોતિ બસુ સતત 24 વર્ષ સુધી પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન પદે રહ્યા છે.

131. (b) સિદ્ધપુર માતૃશ્રાદ્ધનું જાણીતું કેન્દ્ર છે.

132. (c) પાટણ

133. (b) નળ સરોવર ભાલપ્રદેશમાં આવેલ છે.

134. (a) 'ભારેલો અગ્નિ' ર. વ. દેસાઈનું પુસ્તક છે.

135. (c) 'આંગળિયાત'ના લેખક જોસેફ મેકવાન છે.

136. (d) ટેલીગ્રામ. અન્ય ત્રણેય વજનના એકમ છે.

137. (a) બલ્બ

138. (b) હારમોનિયમ.

139. (a) પુરોગામી.

140. (c) ચીજ. 'જણસ'નું શુદ્ધ સમાનાર્થી ઘરેણું થાય, પણ અહીં ચીજ થશે.

141. (c) 'સ્પષ્ટ'નું વિરુદ્ધાર્થી સંદિગ્ધ છે.

142. (d) નારાયણ. તે વિષ્ણુનું પરિચિત નામ છે.

143. (d) શનિ. પુરાણોમાં શનિને સૂર્યપુત્ર કહેવામાં આવે છે.

144. (a) જયશંકર સુંદરી જાણીતા નાટ્યકાર છે અને તેમણે અનેક નાટકમાં સ્ત્રીવેશ ભજવ્યો છે.

145. (d) રમણલાલ જોષી સિવાય અન્ય ત્રણેય હાસ્યકાર છે.

146. (a) 45 રૂપિયા. ડૉલર અને રૂપિયાનો દર 45 રૂપિયા જેવો છે.

147. (d) શ્રી શ્રી રવિશંકર. ''આર્ટ ઑફ લિવિંગ''ના પ્રણેતા શ્રી શ્રી રવિશંકર છે.

148. (d) કવિ બોટાદકરે ''જનનીની જોડે સખી નહીં જડે રે લોલ'' પંક્તિ લખી છે.

149. (a) ઝવેરચંદ મેઘાણીએ ગાંધીજી 1931માં બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતા હતા ત્યારે આ કાવ્યની રચના કરી હતી.

150. (c) જી.પી.એસ.સી.નું પ્રચલિત નામ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન છે.

Downloaded from RIJADEJA.com